Extra No. 276

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, AUGUST 4, 2025 / SRAVANA 13, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

- :: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબની ::

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૫/૨૦૨૫.-આણંદ સિંચાઈ હસ્તકની પેટલાદ શાખા નહેરની શાખા સાંકળ ૯૮૯૩૦ ફુટ પર નવીન બોક્સ ટાઈપ સ્ટ્રકચર બનાવવાની કામગીરી હાલ પ્રગતીમાં હોય તથા સદરહું માર્ગ આણંદ થી સોજિત્રા તરફ આવવા તેમજ જવા માટેનો મુખ્ય માર્ગ હોવાના કારણે તથા હાલ ખરીફ સીઝન ૨૦૨૫-૨૬ અર્થે સિંચાઈ પાણી તાત્કાલિક પુરૂ પાડવા માટે નહેરને તેની મહત્તમ સપાટીએ વહેવડાવાની જરૂર હોય SH-83 ઉપરથી પસાર થતો વાહન વ્યવહારના ડાયવર્ઝન અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ પેટા વિભાગ, આણંદનાઓએ તેમના પત્ર જા.નં.૧૫૯૧, તા.૨૩/૦૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૨૩/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૦૮/૨૦૨૫ સુધી નીચે મુજબ વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

હયાત રૂટ:-

૧. આણંદ તરફથી બાંધણી ચોકડી, સોજિત્રા, તારાપુર તરફ જતા વાહનો.

૨. તારાપુર તરફથી સોજિત્રા, બાંધણી ચોકડી, આણંદ તરફ આવતા વાહનો.

નાના વાહનો માટે ડાયવર્ટેડ રૂટ:-

૧. આણંદ તરફથી બાંધણી ચોકડી, સોજિત્રા, તારાપુર તરફ જતા નાના વાહનો.

- કરમસદ સંદેશર ચોકડી થઈ ગામમાં થઈને કરમસદ પેટલાદ રોડ ઉપર થઈને રંગાઈપુરા ચોકડી થઈને બાંધણી ચોકડી થઈને જઈ શકશે.

૨. તારાપુર તરફથી સોજિત્રા, બાંધણી ચોકડી, આણંદ તરફ આવતા નાના વાહનો.

- બાંધણી ચોકડી થઈ રંગાઈપુરા થઈ કરમસદ પેટલાદ રોડ ઉપર થઈને સંદેસર ગામ થઈને કરમસદ, આણંદ તરફ આવી શકશે.

મોટા વાહનો માટે ડાયવર્ટેડ રૂટ:-

૧. આણંદ તરફથી બાંધણી ચોકડી, સોજિત્રા, તારાપુર તરફ જતા મોટા વાહનો.

- આણંદ બોરસદ ચોકડી થઈને બોરસદ, ધર્મજ ચોકડી થઈને તારાપુર તથા પેટલાદ કોલેજ ચોકડી થઈ બાંધણી ચોકડી થઈ સોજિત્રા, તરફ જઈ શકશે.

૨. તારાપુર તરફથી સોજિત્રા, બાંધણી ચોકડી, આણંદ તરફ આવતા મોટા વાહનો.

- તારાપુર તરફથી સોજિત્રા, બાંધણી ચોકડી થઈ પેટલાદ કોલેજ ચોકડી થઈને ધર્મજ ચોકડી થઈને બોરસદ થઈને બોરસદ ચોકડી(આણંદ) તરફથી આણંદ આવી શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી,આણંદ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

- :: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબની ::

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૫/૨૫.-આણંદ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ લાંભવેલ પ્રાથમિક શાળાથી રાવળાપુરા તરફ જતો જુનો ડામર રોડ તોડી નવીન આર.સી.સી ટ્રીમીક્ષ રોડ બનાવવાની કામગીરી ચાલુ હોય જેથી સદર રસ્તો ભારે વાહન માટે બંધ કરવા તથા આંકાંક્ષા હોસ્પિટલથી રાવળાપુરા જતા રસ્તાનો ઉપયોગ કરતાં ભારે વાહનોની અવરજવર કરવા માટે પ્રતિબંધ કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા નાયબ મ્યુનિસિપલ કમીશ્નરશ્રી, આણંદ મહાનગરપાલિકાનાઓએ તેમના પત્ર નં.DYMCO/CE/376/2025, તા.૨૨/૦૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૨૩/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૧૦/૨૦૨૫ સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

પ્રતિબંધીત રૂટઃ-

૧. લાંભવેલ પ્રાથમિક શાળાથી રાવળાપુરા તરફ જતા ભારે વાહનો માટે.

૨. રાવળાપુરા થી આંકાક્ષા હોસ્પિટલ થઈ લાંભવેલ તરફ જતાં વાહનો માટે.

ડાયવર્ટેડ રૂટઃ-

૧. લાંભવેલ ગામ થી જતાં ભારે વાહનોને કણજરી-બોરીયાવી રેલ્વે બ્રીજ પર થઈ NH-48 થી રાવળાપુરા તરફ જવાનું રહેશે.

૨. લાંભવેલ ગામ થી અટલ ચોક થી ૧૦૦ ફુટ રોડ ઉપર થઈ ભાલેજ રોડ રેલ્વે બ્રીજ પર થઈ NH-48 થી રાવળાપુરા તરફ જવાનું રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા આણંદ મહાનગરપાલિકા દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર. /૯૬/૨૦૨૫.-ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા ''વર્ગ૩ (ગૃપ-A અને ગૃપ-B) (ખાસ ભરતી ઝુંબેશ) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત અત્રેના જીલ્લામાં આણંદ ડીઝીટલ ઝોન, કર્ણાવતી સોસાયટી, જલતરંગ સોસાયટી પાછળ, કરમસદ અને એકટીવ ડીઝીટલ ઝોન, કરમસદ કેળવણી મંડળ, શ્રીમતી સી.જે.પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, કરમસદ ખાતે યોજાનાર હોય. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે યોજાયેલ તા.૧૮/૦૭/૨૦૨૫ રોજ યોજાયેલ વીડીયો કોન્ફરન્સમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૭/૦૭/૨૦૨૫ ના રોજ સવારના ૧૧:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાથી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદ્દેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસે સવારના ૧૧:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાથી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા "વર્ગ૩ (ગ્રુપ-A અને ગમ-B) (ખાસ ભરતી ઝુંબેશ) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેસ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આ/૯૭/૨૦૨૫.-રાજયમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા)માં નહાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને લઈ સેક્શન અધિકારી, ગૃહ વિભાગ (વિશેષ), સચિવાલય, ગુ.રા., ગાંધીનગરનાઓ કચેરીના પત્ર ક્રમાંક : HD/MSM/ e-file/ 8/ 2025/ 2718/ SB-1, તા.૦૫/૦૫/૨૦૨૫થી જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સૂચના થઈ આવેલ છે.

વાસ્તે હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ - ૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જીલ્લાના હદ વિસ્તારમાં આવતા તમામ નદી, તળાવો, નહેર, દરિયા, તથા જળાશયોમાં કોઈપણ વ્યક્તિ / વ્યક્તિ સમૂહો / પ્રવાસીઓના પ્રવેશ કરવા પર તથા પરવાનગી વગર બોટીંગ પ્રવૃત્તિ કરવા. પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તા.૨૬/૦૭/૨૦૨૫ થી તા.૨૫/૦૮/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર : આણંદ જીલ્લાના હદ વિસ્તારના તમામ નદી, તળાવ, નહેર, દરિયા, જળાશયો.

શિક્ષા : આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૬/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો

નં પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર./૯૮/૨૦૨૫.-તા.૨૭ ૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી જીલ્લામાં ગણેશ મહોત્સવના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. ગણેશ મહોત્સવની ઉજવણી માટે તૈયાર કરવામાં આવતી ગણેશ પ્રતિમા સ્થાપના બાદ પ્રચલીત રીત-રીવાજ મુજબ નદિ, તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. આવી રીતે વિસર્જીત કરી દેવા માટેની હંગામી સ્થાપન કરેલ મૂર્તીઓ સામાન્ય રીતે પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી બનાવવામાં આવતી હોય છે. જેમાં કેમિકલયુકત રંગોનો ઉપયોગ થાય છે. જેથી આવી મૂર્તિઓને પાણીમાં વિસર્જિત કરવાથી પાણી જન્ય જીવો નાશ પામી શકે છે. તેમજ કેમિકલયુકત પાણી પર્યાવરણને નુકશાન પહોંચાડી શકે છે. પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) તથા કેમિકલયુક્ત રંગોથી બનતી મૂર્તિઓને પાણીમાં વિસર્જન કરતાં ઉદભવતી પર્યાવરણીય સમસ્યાઓને મૂર્તિના ઉત્પાદનની પ્રક્રિયાના તબકકેથી જ અટકાવવા જરૂરી છે. જેથી આવી પી.ઓ.પી.થી બનતી મૂર્તીઓ તથા ઉપયોગ અટકાવવા સારૂ તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધીનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે પત્ર નં.એલઆઈબી/ગણેશ મહોત્સવ/મૂર્તી/જા.નામુ/૧૧૪૭/૨૫, તા. ૨૮/૦૭/૨૦૨૫ ના રોજ દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે હું ઋતુરાજ દેસાઈ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરું છું.

(૧) મૂર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો, ધાર્મિક રીતે પ્રણાલિકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો. ભઠ્ઠીમાં શેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવો નહી.

(૨) મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાયથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી કે ઉતરતી કક્ષાના રસાયણ કે કેમિકલ યુકત રંગોથી મૂર્તિને કલર કરવો નહી.

(૩) મૂર્તિઓની બનાવટમા ઘાસ, લાકડા, બાંબુ ને બાધ નડશે નહિ.

(૪) મૂર્તિઓની ઉચાઈ બેઠક સહિત ૯ ફુટ કરતાં વધારે હોવી જોઈએ નહીં.

(૫) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે, તે જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી.

(૬) મૂર્તિકારો મૂર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જશે નહી.

(૭) મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ વાળી મૂર્તિઓ બનાવવા ખરીદવા તથા વેચાણ કરી શકાશે નહિ.

(૮) આણંદ જિલ્લા બહારથી આ પ્રકારની બનાવટ વાળી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ પ્રતિબંધો લાગુ પડશે.

પ્રતિબંધિત વિસ્તાર: આણંદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

જાહેરનામાનો સમયગાળો : તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કર્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:51:30 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara